## વિશ્વ પર્યાવરણ સમાચાર

### બોડેલીના જબુગામે વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યુ



**બોડેલી:** બોડેલી તાલુકાના જબુગામ ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે આનંદ કૃષિ યુનિવર્સિટી અને વન વિભાગના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન પર્યાવરણ સંરક્ષણ અને વૃક્ષોના મહત્વ અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. નિષ્ણાતો દ્વારા પર્યાવરણ જાળવણી, જૈવ વિવિધતા અને હરિયાળી વધારવાના વિષયો પર વિસ્તૃત માહિતી આપી વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે વન વિભાગના આર.એફ.ઓ. જ્યોતિબેન રાઠવા, જબુગામના સરપંચ, ગામના આગેવાનો, વન વિભાગની ટીમ તેમજ આનંદ કૃષિ યુનિવર્સિટીના પ્રિન્સિપાલ ડોક્ટર જે પી પટેલ સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સૌએ વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

### ક્વાંટ તાલુકાના હમીરપુરા ગામે પર્યાવરણ દિવસની ઉજવણી



**ક્વાંટ :** વિશ્વ પર્યાવરણ દિવસ દર વર્ષે પાંચ જૂન ના રોજ સમગ્ર વિશ્વમાં ઉત્સાહભેર ઉજવવામાં આવે છે આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોમાં પ્રકૃતિ પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો અને ગ્લોબલ વોર્મિંગ પ્રદૂષણ તેમજ પર્યાવરણને થતા નુકસાન સામે રક્ષણ મેળવવા માટે સહકારાત્મક પગલાં લેવાનો છે. 5 જૂન વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે કવાંટ તાલુકાના હમીરપુરા ગામે આવેલ અનાથ આશ્રમ અને વિદ્યા વિનય પ્રાઇમરિ સ્કૂલ માં વૃક્ષા રોપણ કરવામાં આવ્યું જેમાં પૂર્વ સાંસદ અને ગુજરાત ભાજપ ઉપાધ્યક્ષ ગીતાબેન રાઠવા કવાટ રેન્જ ફોરેસ્ટ ઓફિસર રાકેશભાઈ રાઠવા અને ભાજપ ના કાર્યકર્તાઓ છોટાઉદેપુર જિલ્લા એસટી મોરચા મહામંત્રી ચંદ્રવદન રાઠવા કવાટ ભાજપ મહામંત્રી ભરતભાઈ રાઠવા હમીરપુરા સરપંચ નારણભાઈ રાઠવા ભાજપના યુવા કાર્યકર્તા દ્વારા વૃક્ષારોપણ કરી વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

### સંખેડા સેવાસદન ખાતે વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવાયો



**સંખેડા :** વિશ્વ પર્યાવરણ દિવસ દર વર્ષે ૫ જૂન ના રોજ સમગ્ર વિશ્વમાં ઉત્સાહભેર ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોમાં પ્રકૃતિ પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો અને ગ્લોબલ વોર્મિંગ, પ્રદૂષણ તેમજ પર્યાવરણને થતા નુકસાન સામે રક્ષણ મેળવવા માટે સકારાત્મક પગલાં લેવાનો છે. ૫-જૂન વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે સંખેડા સેવાસદન ખાતે સંખેડા વન વિભાગ ના સહયોગથી વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી અંતર્ગત વૃક્ષારોપણ ના કાર્યક્રમ અને સાફ સફાઈ નો કાર્યક્રમ સંખેડા સેવા સદન ખાતે રાખવામાં આવ્યો હતો જેમાં મોટી સંખ્યામાં ફોરેસ્ટ વિભાગના કર્મચારી તેમજ સેવાસદન મા ફરજ નિભાવતા કર્મચારી તેમજ સંખેડા તાલુકાના ધારાસભ્ય અભેસિંગભાઈ તડવી સંખેડા ના મામલતદાર પટેલ સાહેબ તેમજ આર એફ ઓ ના હસ્તે વૃક્ષારોપણ કરી વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી.

### ડભોઇ ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



**ડભોઇ :** તારીખ 5 જૂન વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ડભોઇ નગર ભારતીય જનતા પાર્ટી દ્વારા ડભોઇ કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પર્યાવરણના સંરક્ષણ અને હરિયાળા વિકાસના સંદેશ સાથે આયોજિત આ કાર્યક્રમમાં ભાજપ ના આગેવાનો, કાર્યકરો તેમજ કોલેજ ના પ્રતિનિધિઓ વન વિભાગ ના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન વિવિધ પ્રકારના વૃક્ષોના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું અને વધુમાં વધુ વૃક્ષો ઉછેરવા તેમજ પર્યાવરણ જાળવવા માટે સૌને સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ધારાસભ્ય શૈલેષભાઇ મહેતા એ જણાવ્યું હતું કે વૃક્ષો માનવ જીવન માટે અત્યંત જરૂરી છે અને પર્યાવરણનું સંતુલન જાળવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જેથી દરેક વ્યક્તિ એ પોતાના વિસ્તાર માં એક વૃક્ષ જરૂર વાવવુ જોઈએ.

### વન વિભાગ દ્વારા વાઘોડિયાના રવાલ ગામે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી



**વાઘોડિયા:** દર વર્ષે ૫ જૂન ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રકૃતિનું રક્ષણ અને પર્યાવરણીય સમસ્યાઓ અંગે જનજાગૃતિ ફેલાવવાનો છે.આ વર્ષની વૈશ્વિક થીમ "Inspired by Nature: For Climate For Our Future" છે, જે પ્રકૃતિ સાથે જોડાણ અને હરિત વિકાસ પર ભાર મૂકે છે.વાઘોડિયાના રવાલ ગામે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી તાલુકા વન વિભાગના કર્મચારીઓના હસ્તે વૃક્ષા રોપણ અને સરકારની હરિયાળી ક્રાંતિ જેવી યોજના અંગે માહિતી આપી કરવામાં આવી હતી. આ પ્રસંગે ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા, તાલુકા પંચાયત પ્રમુખ, ભાજપના તાલુકા મહામંત્રી વિરેન્દ્ર સિંહ, જૈનની પટેલ, તાલુકા સદસ્ય કોમલ વસાવા,ફોરેસ્ટર એસ. બી.ભાભોર, ડી. ડી ખેરડા (રાઉન્ડ ફોરેસ્ટ જરોદ) તથા વન વિભાગનો સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. આ સિવાય તાલુકાના ખંધા, નવા આજવા, સણોલી અને ગજાદરા ગ્રામ પંચાયત માં સરપંચ અને તલાટી સહિત. ગ્રામજાણો હજાર રહ્યા હતા.

---

#### પાદરા તાલુકા પંચાયતની સામાન્ય સભા મળી, મહત્વની સમિતિઓની કરાઈ વરણી

## કારોબારી અને સામાજિક ન્યાય સમિતિની રચના કરાઈ

(પ્રતિનિધિ) પાદરા, તા.5

પાદરા તાલુકા પંચાયતની સામાન્ય સભા તાલુકા પંચાયત પ્રમુખ મહેન્દ્રસિંહ પઢિયાર તથા ઉપપ્રમુખ કામીનીબેન પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. સભાની શરૂઆતમાં જિલ્લા સંગઠનના હોદ્દેદારો તેમજ પાદરા તાલુકા ભાજપ પ્રમુખ સંજય પઢિયારની ઉપસ્થિતિમાં વિવિધ સમિતિઓના હોદ્દેદારો અને સભ્યોને મેન્ડેટ પ્રમુખ ને આપવામાં આવ્યા હતા.

સભામાં સૌપ્રથમ અગાઉ મળેલી તાલુકા પંચાયતની સામાન્ય સભા, કારોબારી સમિતિ તેમજ સામાજિક ન્યાય સમિતિની બેઠકની કાર્યવાહીની નોંધ રજૂ કરવામાં આવી હતી, જેને સભ્યોએ બહાલી આપી હતી. ત્યારબાદ તાલુકા પંચાયતના વિવિધ વહીવટી અને વિકાસલક્ષી મુદ્દાઓ અંગે ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવી હતી.



હરિભાઇ દેસાઇ, કારોબારી ચેરમેન | દિનેશ કાછેલા, ન્યાય સમીત

આ સામાન્ય સભામાં તાલુકા પંચાયતની કારોબારી સમિતિની રચના કરવામાં આવી હતી. જેમાં હરિભાઈ વજાભાઇ દેસાઈની કારોબારી સમિતિના ચેરમેન તરીકે વરણી કરવામાં આવી હતી તેમજ સમિતિના આઠ સભ્યોની નિમણૂક કરવામાં આવી હતી. નવી રચાયેલી કારોબારી સમિતિ તાલુકા પંચાયતના વિવિધ વિકાસ કાર્યો, વહીવટી નિર્ણયો અને જનહિતના પ્રશ્નોને અસરકારક રીતે આગળ ધપાવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

સભા દરમિયાન ચૂંટાયેલા ચેરમેન અને સભ્યોને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. તાલુકાના વિકાસને વધુ વેગ મળે અને પ્રજાલક્ષી કાર્યોને પ્રાથમિકતા આપવામાં આવે તે માટે તમામ સભ્યોએ સંયુક્ત રીતે કાર્ય કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

સભાના અંતે તાલુકાના વિવિધ વિકાસલક્ષી પ્રશ્નો, સરકારની યોજનાઓના અમલીકરણ તેમજ સ્થાનિક સ્તરે લોકોની સુવિધાઓ વધારવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. સમગ્ર બેઠક સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં પૂર્ણ થઈ હતી.

**: કારોબારી સમિતિ :**

હરિભાઇ વજાભાઇ દેસાઈ - કરખડી - ચેરમેન, સ્નેતાબેન મનોજકુમાર પટેલ - ડભાસા - સભ્ય, પાયલબેન નરેન્દ્રકુમાર બ્રહ્મભટ્ટ - જાસપુર- સભ્ય, પિનાકીનસિંહ રણજીતસિંહ ચૌહાણ - મુવાલ સભ્ય, જયદીપસિંહ રણજીતસિંહ પઢિયાર - સાદરા - સભ્ય, પંકજભાઈ ચીમનભાઈ સોલંકી - સાંગમા - સભ્ય, દક્ષાબેન અજીતસિંહ જાદવ - સોખડારાઘુ - સભ્ય, ઉર્મિલાબેન વિજયકુમાર પરમાર - તિથોર - સભ્ય, ઝંખનાબેન અજીતભાઈ પઢિયાર - ઉમરાયા - સભ્ય

**: ન્યાય સમિતિ :**

દિનેશભાઈ ગોરધનભાઈ કાછેલા - ચેરમેન - રણુ, રમેશભાઈ મહીજીભાઈ રાઠોડિયા - દરાપુરા - સભ્ય, બાલુભાઈ રમણભાઈ પરમાર - દરાપુરા - કોપ્ટ સભ્ય, જાગૃતિબેન સંદીપભાઈ મકવાણા - મહુવડ - કોપ્ટ સભ્ય

### પાદરાનું વડુ ગામમા વેપારી પર હુમલો કરનાર ૩ સામે ગુનો દાખલ

**પાદરા :** પાદરા તાલુકાના વડુ ગામે જૂની અદાવતને લઈ એક વેપારી પર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. આ અંગે વડુ પોલીસે ત્રણ વ્યક્તિઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વડુ ગામના નાની ખડકી વિસ્તારમાં રહેતા અને વેપાર કરતા કનુભાઈ મનુભાઈ પટેલ ગત ૩ જૂનના રોજ રાત્રે પોતાની કાર લઈને મુવાલ તરફ જવા નીકળ્યા હતા. તે દરમિયાન વડુ એસ.બી.આઈ. બેંક નજીક પહોંચતા ગામના વિશાલભાઈ ઉદેસિંહ પરમાર અચાનક દોડી આવ્યા હતા અને કનુભાઈને કારમાંથી બહાર ખેંચી કાઢી ઝઘડો શરૂ કર્યો હતો. ફરિયાદ મુજબ વિશાલભાઈએ કનુભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

---

#### 'સાસરિયે સેલ્ફી લેવી છે' નાટકમાં સમાજની કડવી વાસ્તવિકતા પર પ્રકાશ પડાયો

## ડભોઈ પોલીસ દ્વારા સુરક્ષા સેતુ અંતર્ગત બેટી બચાવો, બેટી પઢાવો રંગમંચ નાટક યોજાયું

(પ્રતિનિધિ) ડભોઈ, તા.5

અમદાવાદની અનિકેત ઈન્ટર નેશનલ થિયેટર નામની નાટક મંડળી ધ્વારા ડભોઈ કોલેજ ગ્રાઉન્ડ ખાતે "સાસરિયે સેલ્ફી લેવી છે" નામ નું બેટી બચાવો,બેટી પઢાવો વિષય પર ગર્ભ માં જ દિકરી ને આબોરશન ધ્વારા મારી નાખતી માતાઓ, સાસરિયાઓ અને સમાજ પર અસરકારક સંવાદો, રંગમંચ ના પાત્રો ધ્વારા નાટક ભજવાયું હતું.

મેહુલ પટેલ ના પ્રોડ્યુસર માં તૈયાર થયેલ નાટક બે પરિવાર પર આધારિત સાસરિયે સેલ્ફી લેવી છે નાટક માં સમાજ ની આજની કડવી વાસ્તવિકતા પર પ્રકાશ પાડવાનો ખુબજ જીણવટતા થી કઠોર, કરુણ,



શૃંગાર,દયા,લોભ, મનોરંજન જેવા રસો થી નાટક નું નિરૂપણ કરવામાં આવ્યું હતું.દિકરી ના પિયરીયા માં માતા પિતાના પાત્રો અને દિકરી ના સાસરિયા માં સાસુ સસરા ના પાત્રો ના અભિનયે શ્રોતાઓ ને મંત્રમુગ્ધ કર્યા હતા. જ્યારે ઘર નો લાડકવાયો નાનો દિકરો ખુબજ મસ્તીખોર,ચંચળ અને ઉટપટાંગ બતાવાયો હતો.જેને ભણવા કરતા મોબાઇલ અને મજાક મસ્તી માં જ લીન બતાવાયો હતો. જે આજના કિશોરાવસ્થા પર પહોંચેલા યુવકો પર બંધ બેસતું પાત્ર હતું.નાટક માં સંસ્કાર, શિક્ષણ, ધાર્મિક ભક્તિ, કાયદાની સમજ,ટ્રાફિક અવરનેસ પર પણ પ્રકાશ પાડ્યો હતો.જ્યારે નાટક ના મુખ્ય પાત્ર એવી પુત્રવધુ આસ્થા અને સાસુ રાજેશ્વરી વચ્ચે ના સંવાદો, સમાજ માં ઘર ની દિવાલો વચ્ચે પરિવાર માં ચાલતા ખટરાગ,ઘર કંકાસ અને દિકરી ને જન્મતા પહેલા જ કુખ માં ઓબરશન કરાવી મારી નાખવાની વૈચારિકતા ને ઉજાગર કરી રહ્યા હતા.

### ડભોઈ તાલુકાના કેટલાક ગ્રામ પંચાયતમાં ગ્રામ સભાનો ફિયાસ્કો !!

**ડભોઈ:** ડભોઈ તાલુકાની લગભગ ૭૯ ગ્રામ પંચાયતો માં પર્યાવરણ દિવસે ગ્રામ સભાનુ આયોજન કરવામાં આવેલ પરંતુ કેટલીક ગ્રામ પંચાયતો માં ગ્રામ સભાને લઈ તલાટીઓ દ્વારા યોગ્ય જાહેરાત કરવામાં ન આવી હોવાને લઈ યોગ્ય પ્રતિસાદ મળ્યો નથી ડભોઈ તાલુકાના ચાંદોદ ગ્રામ પંચાયત ની ગ્રામ સભા હવે ૯ જુને યોજવામાં આવશે કહે છે ચાંદોદ ના મારુ ગામ વોટ્સએપ ગ્રુપ માં ગ્રામ પંચાયત ના સભ્ય દ્વારા મુકવામાં આવેલ આજ રોજ તલાટી સમય કરતાં મોડા આવેલ અને ગ્રામ જનો પુરતી સંખ્યામાં ના હોય હવે નવી તારીખે યોજવામાં આવશે કહે છે ગ્રામપંચાયતના ગ્રામ સભાની કાર્યવાહી ઓન લાઈન મુકવાની હોય છે સાથે સાથે ગ્રામ સભામાં ગ્રામ જનો ના પ્રશ્નો નુ સ્થળ પર જ નિરાકરણ કરવા નુ હોય છે.

## ડભોઈ APMCના ચેરમેનની બહુમતીથી વરણી કરાઈ



(પ્રતિનિધિ) ડભોઈ, તા.5

ડભોઈ ના સહકારી ક્ષેત્ર નુ સૌથી મોટી ડભોઇ એ.પી.એમ.સી. ની ચૂંટણી માં ભાજપે બહુમતી હાસલ કરી કોગ્રેસ પાસેથી આંચકી લીધી હતી જેના ચેરમેન / વાઈસ ચેરમેન ની ચૂંટણી આજરોજ એ.પી.એમ.સી જિલ્લા રજીસ્ટ્રાર ના નિયુક્ત પ્રતિનિધિ ના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી જેમાં ભાજપ પક્ષ તરફ થી ચેરમેન પદ માટે મુકુંદ પટેલ અને વાઈસ ચેરમેન માટે ઉમેશ પટેલ ના નામ રજુ થયા જ્યાં ભાજપ પક્ષે બહુમતી હોય બંને ઉમેદવારો બહુમતી થી ચૂટાઈ આવ્યા છે આ પ્રસંગે ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતા, જિલ્લા પ્રમુખ ડો. બી.જે. બ્રહમભટ સહિત શહેર અને તાલુકાના હોદ્દેદારો સહિત તાલુકા પંચાયત જિલ્લા પંચાયત ના સદસ્યો અને સમર્થકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વિજેતા ઉમેદવારોને અભિનંદન આપી વિજય ની ઉજવણી કરી હતી.

---

## મોટા ફોફળીયામાં ૬૦૦૦ની કિંમતના ટેસ્ટ વિનામૂલ્યે કરી કેન્સર કેમ્પ યોજાયો

(પ્રતિનિધિ) શિનોર, તા.5

શક્તિકૃપા ચેરીટેબલ ટ્રસ્ટ, મોટા ફોફળીયા તથા, અમદાવાદના સહયોગથી અને રાજ્ય સરકાર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સુભગ સમન્વયથી સંચાલિત શ્રી છોટુભાઈ એ. પટેલ હોસ્પિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર, મોટા ફોફળીયામાં આજે તા. ૦૫-૦૬-૨૦૨૬, શુક્રવારના રોજ ટ્રસ્ટના ટ્રસ્ટી જીતુભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે "કેન્સર જાગૃતિ અને પ્રારંભિક નિદાન કેમ્પ" નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં સ્તનનું કેન્સર, ગર્ભાશયના મુખ (સર્વાઇકલ) કેન્સર તથા મોઢાના કેન્સરના શંકાસ્પદ દર્દીઓની વિનામૂલ્યે પ્રાથમિક તપાસ અને નિદાન કરવામાં આવ્યું હતું. કેમ્પ



દરમિયાન આશરે ૧૦૦ જેટલા લાભાર્થીઓની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી.

કેમ્પમાં કુલ ૮૧ મહિલાઓની સ્તન કેન્સર અંગે તપાસ કરવામાં આવી હતી, જેમાંથી ૧૦ મહિલાઓની મેમોગ્રાફી કરવામાં આવી હતી. ઉપરાંત ૫૭ મહિલાઓના સર્વાઇકલ કેન્સરના નિદાન માટે HPV-DNA ટેસ્ટ કરવામાં આવ્યા હતા. નોંધનીય છે કે ખાનગી લેબોરેટરીમાં આ ટેસ્ટનો ખર્ચ અંદાજે રૂ. ૫,૦૦૦ થી રૂ. ૬,૦૦૦ જેટલો થાય છે, જ્યારે આ કેમ્પમાં તમામ તપાસો વિનામૂલ્યે કરવામાં આવી હતી.

## પાવીજેતપુરમાં જનહિતના મુદ્દાઓ સાથે ગ્રામસભા યોજાઈ



(પ્રતિનિધિ) પાવીજેતપુર, તા.5

પાવીજેતપુર ખાતે ગ્રામ સભા યોજાઈ ગામના વિકાસ અને જનહિતના મુદ્દાઓ પર ચર્ચા. પાવીજેતપુરના જેતપુર ગ્રામ પંચાયત ખાતે ગ્રામ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામ સભામાં ગામના વિવિધ સરકારી વિભાગોના કર્મચારીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

જેતપુર ગ્રામ પંચાયત ખાતે ડેપ્યુટી સરપંચની અધ્યક્ષતામાં યોજાયેલી ગ્રામ સભામાં ગામના વિકાસલક્ષી કાર્યો, સરકારની વિવિધ યોજનાઓ, સ્વચ્છતા, પીવાના પાણી, માર્ગ વ્યવસ્થા તેમજ અન્ય જનહિતના પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી.

ગ્રામજનો દ્વારા રજૂ કરવામાં આવેલા પ્રશ્નો અને સૂચનોને ધ્યાનમાં લઈ સંબંધિત વિભાગના અધિકારીઓએ જરૂરી કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી. ગ્રામ સભાના અંતે ગામના સર્વાંગી વિકાસ માટે સૌના સહયોગની અપીલ કરવામાં આવી હતી.

## શિનોર પોલીસને મોટી સફળતા, ૫ વર્ષથી ફરાર ચોર ઝડપાયો

(પ્રતિનિધિ) શિનોર, તા.5

વડોદરા ગ્રામ્ય પોલીસ દ્વારા ચલાવવામાં આવેલા "ઓપરેશન પરાક્રમ" અંતર્ગત શિનોર પોલીસને મોટી સફળતા મળી છે. શિનોર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા બે ચોરીના ગુનાઓમાં છેલ્લા પાંચ વર્ષથી ફરાર આરોપીને નડિયાદ ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો છે. પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

વડોદરા ગ્રામ્ય પોલીસના માર્ગદર્શન હેઠળ ઓપરેશન પરાક્રમ અંતર્ગત જિલ્લામાં નાસતા-ફરતા અને વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા માટે વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન શિનોર પોલીસ સ્ટેશનમાં વર્ષ 2021 દરમિયાન નોંધાયેલા બે ચોરીના



ગુનાઓમાં સંડોવાયેલ અને છેલ્લા પાંચ વર્ષથી ફરાર આરોપીની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે આરોપીએ અન્ય સાગરિતો સાથે મળી ફરિયાદીની સાધલીની મોબાઈલ દુકાનમાં રાત્રિના સમયે શટર તોડી અંદર પ્રવેશ કરી મોબાઈલ ફોન તેમજ અન્ય કિંમતી સામાનની ચોરી કરી હતી. ઘટનાને અંજામ આપ્યા બાદ આરોપી પોલીસ પકડથી દૂર રહ્યો હતો.

---

#### ૫૧૭ ગ્રામપંચાયતો ખાતે ગ્રામસભા યોજી: ૭૫૦૫ ગ્રામજનો દ્વારા સ્વચ્છતા શપથ લેવાયા

## વડોદરા જિલ્લામાં સ્વચ્છતા અભિયાનનું આયોજન

**વડોદરા** જિલ્લાની ૫૧૭ ગ્રામ પંચાયતોમાં સ્વચ્છતાના શપથ લેવાયા, આગામી ૮ જૂનથી જિલ્લામાં 'સ્વચ્છતા સપ્તાહ'ની ઉજવણી કરાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.5

વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીના ૧૨ વર્ષના સફળ કાર્યકાળ પૂર્ણ થવાના અવસરે સમગ્ર વડોદરા જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં વિવિધ લોકકલ્યાણના કાર્યક્રમોનું સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાનના ભાગરૂપ વડોદરા જિલ્લામાં સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આજે વડોદરા જિલ્લાના તમામ તાલુકાઓમાથી કુલ-૫૧૭ ગ્રામ પંચાયતો ખાતે ગ્રામ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં કુલ-૭૫૦૫ ગ્રામજનોએ ભાગ લીધો હતો. ગ્રામસભામાં ઉપસ્થિત નાગરીકોને ગામમા સફાઇ જાળવવા તથા આગામી તા.૦૮-૦૬-૨૦૨૬થી તા.૧૪-૦૬-૨૦૨૬ સુધી યોજાનાર સ્વચ્છતા સપ્તાહ અંતર્ગત યોજાનાર દિવસવાર પ્રવૃતિઓ અંગે અવગત કરાયા હતા. અંતે ગ્રામસભામાં ઉપસ્થિત સૌએ સ્વચ્છતા શપથ ગ્રહણ કરી સ્વચ્છતા પ્રત્યેની પોતાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.



### ડબગર જ્ઞાતિ કેળવણી મંડળ તરફથી તેજસ્વી વિદ્યાર્થીઓનુ સન્માન

**પાદરા :** પાદરા ડબગર જ્ઞાતિપંચ અને પાદરા ડબગર જ્ઞાતિ કેળવણી મંડળના સંયુક્ત ઉપક્રમે સમાજના તેજસ્વી અને ઉચ્ચ ગુણાંક સાથે સફળતા મેળવનાર વિદ્યાર્થીઓના સન્માન માટે 23મો ઈનામ વિતરણ સમારોહ ભવ્ય રીતે યોજાયો હતો. કાર્યક્રમ પાદરા સ્થિત બીએપીએસ સ્વામિનારાયણ મંદિરના પટાંગણમાં યોજાયો હતો. સમારોહ દરમિયાન જુનિયર કે.જી.થી લઈને કોલેજ કક્ષાના તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે મેડલ, મફત ચોપડાઓ, પેન, પેન્સિલ તેમજ અભ્યાસને ઉપયોગી વિવિધ શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે જ શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને વિશેષ સન્માનિત કરવામાં આવ્યા હતા.